ગાંધીનગર સમાચાર

# રાજ્ય સ્પેશિયલ ખેલ મહાકુંભમાં જિલ્લાને ૫૫ મેડલ

ગાંધીનગર, તા. ૩
રાજ્યકક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ગાંધીનગર જિલ્લાની ટીમે ઝળહળતું પ્રદર્શન કરીને ૫૫ મેડલ પ્રાપ્ત કર્યા છે.

ગાંધીનગર અને અમદાવાદ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં જિલ્લાના ૧૫૩ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જે આ સ્પર્ધામાં અત્યાર સુધીની જિલ્લાની સૌથી મોટી ટીમ હતી. અને આ ટીમે ૫૫ જેટલા મેડલ પ્રાપ્ત કરીને પણ રેકર્ડ સર્જ્યો છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૬માં ટીમે ૫૩ મેડલ પ્રાપ્ત કર્યા હતા.






એથ્લેટિક્સમાં એક ગોલ્ડ, ૭ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ ખેલાડીઓએ મેળવ્યા હતા. આ રમતોના કોચ તરીકે રમીલાબેન પટેલ અને જિતેન્દ્રભાઈ પટેલે પોતાની સેવાઓ આપી હતી.

સાઈકલિંગ સ્પર્ધામાં એક ગોલ્ડ અને એક બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતા. આ રમતના કોચ તરીકે નીતિનભાઈ મોઢ દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી.

બોચી ગેમમાં ટીમે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. આ રમતના કોચ તરીકે અલ્પાબેન સોલંકી અને વિરેન્દ્રભાઈ ભટ્ટ દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી.

યોગીતાબેન ભટ્ટ અને મેઘનાબેન પટેલના કોચપણા હેઠળ ફૂટબોલ ફિમેલ ટીમે બ્રોન્ઝ મેડલ, અર્ચનાબેન રાવલ અને યોગિનીબેન પંડ્યાના કોચપણા હેઠળ હેન્ડબોલમાં બહેનોની ટીમે બ્રોન્ઝ મેડલ, રોહિત ઠાકોરના કોચપણા હેઠળ ટેબલ ટેનિસમાં એક સિલ્વર અને એક બ્રોન્ઝ, રમેશભાઈ દેસાઈ અને ભોળાભાઈ પટેલના રમત નિર્દેશનમાં ભાઈઓની ટીમો સોફ્ટબોલમાં ગોલ્ડ મેડલ, વિજય દેસાઈ અને ભુપેન્દ્રસિંહ ચાવડાના રમત નિર્દેશનમાં બહેનોની ટીમે સોફ્ટબોલમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. સરવાળે ભાઈઓએ ૨૧ મેડલ અને બહેનોએ ૩૪ જેટલા મેડલ પ્રાપ્ત કર્યા હતા.

જિલ્લાના ઓફિશિયલ્સ તરીકે રીપાલ રાવલ અને સ્વપ્નેશ પટેલે પોતાની સેવાઓ આપી હતી. સમગ્ર ટીમને જિજ્ઞેશ વસંત રાવલ અને વિનોદભાઈ ચૌધરીની રાહબરી હેઠળ વિશ્વાસ મિસ્ત્રી અને પૌરીન પટેલે નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ રમતોત્સવમાં જેએમડી નર્સિંગ કોલેજનાં આચાર્ય દિવ્યાબેન અને પ્રો. દર્શનાબેનની રાહબરી હેઠળ કોલેજના ૮૦ વિદ્યાર્થીઓ અને શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજના આચાર્ય ડો. માનસિંગ એમ ચૌધરીની રાહબરી હેઠળ કોલેજની ૨૫ વિદ્યાર્થિનીઓએ સ્વયંસેવક તરીકે ઉલ્લેખનીય સેવાઓ આપી હતી. ગાંધીનગર જિલ્લાની ટીમની આ ઝળહળતી સફળતાને જિલ્લા રમતગમત અધિકારી મહેશભાઈ ચૌધરી અને ખેલાડીઓના વાલીઓએ વધાવી સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે.

## જન્મદિને વધામણી


સૂર્યસિંહ ડાભી
મો. ૯૮૨૫૦ ૧૩૭૫૬


મેહુલભાઈ દોશી
જૈન સોશિયલ ગૃપ
મો. ૯૯૨૪૧ ૨૭૩૮૨


અનિલ લક્ષ્મીચંદ બોરા


ગર્વી ગુંજન પટેલ


રૂદ્ર ગૌરવ રાઠોડ
મો. ૯૪૦૯૫ ૧૪૫૭૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક




ટ્રાન્સ્ટેડિયા, કાંકરિયા ખાતે તાજેતરમાં ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧ દેશોએ ભાગ લીધો હતો. ઓમ લેન્ડમાર્ક ઈંગ્લીશ માધ્યમ સ્કુલ, ધોરણ ૪ની વિદ્યાર્થિની સંજના ચેતનભાઈ ચૌધરી અને સાક્ષી ચિરાગભાઈ પટેલે બાર વર્ષથી ઓછી વયના સ્પર્ધકોના જૂથમાં કાંસ્ય પદક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળા પરિવાર તરફથી બંને વિદ્યાર્થિનીઓને બિરદાવી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.




નવા વર્ષના પ્રારંભે બાલાસિનોર, મહિસાગર ખાતે રોલ બૉલની અન્ડર-૧૭ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ભાઈઓના વિભાગમાં ગાંધીનગર ગ્રામ્યની ટીમ તૃતિય ક્રમે અને બહેનોની ટીમ દ્વિતીય ક્રમાંકે વિજેતા બની હતી. ટીમના કોચ તરીકે ભાર્ગવ આયરે પોતાની સેવાઓ આપી હતી.



ગુજરાત રાજ્ય સ્તરની શોટકન કરાટે-ડો ચેમ્પિયનશીપનું આયોજન સાબરમતી રેલવે કોલોનીનાં કમ્યુનીટિ હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં ડી.પી.એસ. ગાંધીનગરનાં બે વિદ્યાર્થીઓ પૈકી સબજુનિયર લેવલમાં સાઈકાર્તિક કેથા(ધોરણ-૮) અને જુનિયર વેઈટ કેટેગરીમાં સંસ્કાર સુગન્ધી( ધોરણ-૧૦)એ સુવર્ણ પદક મેળવીને ટ્રોફી જીતી લીધી છે. આચાર્ય અતનુ રથે આ સિદ્ધિ બદલ બંને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## રવિવારે ગાંધીનગર શહેર મોચી સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨
ગાંધીનગર શહેર મોચી સમાજ ગાંધીનગર દ્વારા તા. ૫મી જાન્યુઆરીના રોજ બ્રહ્માણી હોલ કડી સ્કુલ સેકટર-૨૩ ગાંધીનગર ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં મંડળના તમામ સભ્યોને હાજરી આપવા જણાવેલ છે. જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ વ્યકિતઓનું સન્માન, ૭૫ વર્ષની વય વટાવી ચુકેલ વયસ્કોનું સન્માન કરવામાં આવશે.વધુ માહિતી માટે મો. ૯૯૭૮૪ ૪૨૦૪૪ પર સંપર્ક કરવા જણાવેલ છે.

## શ્રી જલિયાણ સેવા ગૃપ દ્વારા ખારાઘોડામાં લોકસેવા






પૂજ્ય જલારામ બાપાના જીવનસૂત્ર 'જ્યાં ટૂકડો ત્યાં હરિ ઢૂકડો'ને સાચા અર્થમાં ચરિતાર્થ કરી 'છોટે જલારામ'નું બિરુદ પામનાર સંત હરિરામ બાપાની પુણ્યતિથી નિમિત્તે શ્રી જલીયાણ સેવા ગૃપ,ગાંધીનગર દ્વારા પૂ. બાપાનાં ચરણોમાં સેવાના એક નમ્ર પ્રયાસ રુપે ખારાઘોડા, સુરેન્દ્રનગર ખાતે મીઠાના રણમાં કામ કરતાં અગરિયાઓને જલારામ બાપાની પ્રસાદીરુપે કાન પટ્ટી, ગમછા, સ્કાફ, બિસ્કિટ, ચોકલેટ, ટોસ્ટ વિગેરેનું વિતરણ કરવામાં આવેલ.



ગાંધીનગર, તા. ૩
તાજેતરમાં વાલીયા, ભરૂચ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની યંગમુડો રમતની સ્પર્ધામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ વિજય પ્રાપ્ત કરીને શાળાને ગૌરવ અપાવ્યું છે.

આ નવતર સ્પર્ધામાં આનંદસિંગ પવનસિંગ, મેળવી રાજેશકુમારરાવલ, હરિઓમ રામસેવક રાઠોડે ગોલ્ડ, મલ્હાર રાજેશભાઈ પરમાર, વ્રજ રશ્મિકુમાર નાયક, જય દિનેશભાઈ તેલી અને હેપ્પી મહેશભાઈ ચૌધરીએ સિલ્વર તથા હર્ષ નિલેશભાઈ બેન્કર અને માનવ કિરણકુમાર મેઘનાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. સૌ ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક નદીમ મેમણે તાલીમ, માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળા પરિવાર વતી આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને સૌ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## આજે નારદીપુર મહિલા ગ્રામ વિદ્યાપીઠના એનએસએસ શિબિરનું ઉદ્‌ઘાટન કરાશે

ગાંધીનગર, તા. ૩
મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુરના ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા વાર્ષિક શિબિર તા. ૩થી ૯ જાન્યુઆરી દરમિયાન પરબતપુરા મુકામે યોજાઈ રહ્યો છે.

શિબિરનો ઉદ્‌ઘાટન સમારોહ ૪ જાન્યુઆરી ને શનિવારના રોજ સવારે ૧૦ કલાકે શ્રી બી એમ પટેલ માધ્યમિક અને શ્રીમતી કે બી પટેલ ઉ.મા. સાર્વ. હાઈ. પરબતપુરા ખાતે યોજાઈ રહ્યો છે. ઉદ્‌ઘાટક તરીકે માણસાના ધારાસભ્ય સુરેશભાઈ ચતુરદાસ પટેલ, સમારોહ પ્રમુખ તરીકે કલોલના ધારાસભ્ય બળદેવજી ચંદુજી ઠાકોર, મુખ્ય મહેમાન તરીકે સામાજિક કાર્યકર સુરેશભાઈ પુનડિયા, જિલ્લા પંચાયત સદસ્ય ગીતાબેન પ્રણવભાઈ પટેલ, પરબતપુરા હાઈસ્કૂલના આચાર્ય સુરેશભાઈ પી. પટેલ અને પ્રાથમિક શાળાના આચાર્ય ભરતભાઈ કાળીદાસ પટેલ ઉપસ્થિત રહેશે. અતિથિવિશેષ તરીકે પરબતપુરા ગ્રામ પંચાયતના સરપંચ શારદાબેન પી. પરમાર, ડેપ્યુટી સરપંચ જગદીશભાઈ એસ. પટેસ, બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન અજિતસિંહ એસ. રાઠોડ અને કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ એ સોલંકી ઉપસ્થિત રહેશે.

આ ગ્રામશિબિર દરમિયાન એનએસએસ સ્વયંસેવકો દ્વારા સફાઈ, લોકજાગૃતિ, શેરી નાટકો જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# વિદેશમાં અભ્યાસ કરવા માટે શું કરવું?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું અત્યાર ધોરણ ૧૧માં અભ્યાસ કરું છું. એન.આઇ.ડી. માટેની પરીક્ષાની માહિતી આપશો.**
**- લલિત ખંભાતિયા, ગાંધીનગર**



એન.આઇ.ડી એટ્લે કે નેશનલ ઈન્સટીટ્યુટ ઑફ ડિઝાઈનની ટેસ્ટને ડિઝાઈન એપ્ટિટ્યૂડ ટેસ્ટ (ડી.એ.ટી) કેહવાય છે. તેમાં મુખ્યત્વે બે પેપર આવે છે - પેપર-૧ માં ઓબ્જેક્ટિવ એટ્લે કે એમ.સી.ક્યુ આધારિત અને ડિસ્ક્રિપ્ટિવ (લેખિત) આધારિત પ્રશ્નો હોય છે.આ પેપર કુલ સો માર્ક્સનું હોય છે. તેમાં ૭૦ માર્ક્સના ઓબ્જેક્ટિવ અને ૩૦ માર્ક્સ ના ડિસ્ક્રિપ્ટિવ અધારિત પ્રશ્નો હોય છે. પ્રશ્નો વિશે વાત કરીએ તો મુખ્યત્વે આ પરીક્ષામાં વિઝ્યુલ ડિઝાઈન, કોમ્યુનિકેશન એબિલિટી, થિમેટિક કલર અરેંજમેંટ, જનરલ મેન્ટ્લ એબિલિટી એટ્લે કે તાર્કિક શક્તિ, વિગેરેના પ્રશ્નો પૂછાતા હોય છે. આ પેપર ૩ કલાકનું રહે છે તથા આ પેપર માં કોઈ નેગેટિવ માર્ક્સ હોતા નથી એટ્લે કે પ્રશ્ન ખોટો પડે તો કોઈ વધારાના ગુણ કપાતા નથી. પેપર-૧માં ઉત્તિર્ણ થયા પછી પેપર-૨ આપવામાં આવે છે. પેપર-૨ની વાત કરીએ તો તેમાં સ્ટુડિઓ ટેસ્ટ લેવામાં આવે છે. સ્ટુડિઓ ટેસ્ટમાં ૩ડી મોડેલિંગ, પોર્ટફોલિયો મેકિંગ, ડૂડલિંગ, ક્રિએટિવ થિંકિંગ, વિગેરે મુદ્દાઓ પર વિદ્યાર્થીને ચકાસવામાં આવે છે. જેમાં અલગ-અલગ પ્રકારના તમારા ક્ષેત્ર ને લગતા પ્રશ્નો પૂછવામાં આવે છે. પરીક્ષાની તૈયારી વિશે વાત કરીએ તો આપે આ માટે પરીક્ષાને લગતા મોડેલ પેપરનું અધ્યયન કરી અને સોલ્વ કરી શકો છો.એ સિવાય આપે ડિઝાઈનિંગને લગતા વિષય પર રસ દાખવી એ વિશે પણ માહિતી પ્રાપ્ત કરવાની રહે છે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. મેં બી.કોમ પૂરું કરેલ છે. ઇનકમટેક્ષ ઓફિસર બનવા માંગુ છું.શું કરવું?**



**- અજય ભટ્ટ, ગાંધીનગર**

આવકવેરા (ઈનકમટેક્ષ) અધિકારી બનવા માટે, સૌ પ્રથમ આવકવેરા નિરીક્ષક અથવા કર સહાયક તરીકે આવકવેરા વિભાગમાં પ્રવેશ કરવાનો રહે છે ત્યાર બાદ આપ વિભાગીય પરીક્ષાને પાત્રતા પ્રાપ્ત કર્યા પછી આવકવેરા અધિકારીની નિમણૂંક મેળવી શકો છો. આવકવેરા નિરીક્ષક અથવા ટેક્સ સહાયક તરીકે જોડાવા માટે જરૂરી પ્રથમ પગલું એ સંયુક્ત સ્નાતક સ્તરની પરીક્ષાને પાત્ર બનવુ. તે પછી, ઈન્કમ ટેક્સ ઈન્સ્પેક્ટર પોસ્ટ માટે અને ટેક્સ સહાયક પોસ્ટ માટે સ્કિલ ટેસ્ટ હોય છે. આપ આ ઓલ ઈન્ડિયા લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઑનલાઈન અથવા ઑફલાઈન અરજી કરી શકે છો.આ માટે આપે એસ.એસ.સી (સ્ટાફ સિલેક્ષન કમિશન) ધ્વારા લેવામાં આવતી સી.જી.એલ (કંબાઈંડ ગ્રેજ્યુએશન લેવલ)ની સ્પર્ધાત્મક પરીક્ષા આપી શકો છો. આ પરીક્ષા ત્રણ પડાવ માં લેવામાં આવે છે. પ્રથમ પ્રિલિમ પરીક્ષા ત્યાર બાદ મેઈન્સ અને ત્યાર બાદ ટાઈપિંગ ટેસ્ટ આપવાની હોય છે.આ પરીક્ષા માં મુખ્યત્વે અંગ્રેજી ,ગણિત ,રીઝનીંગ અને જનરલ નોલેજના પ્રશ્નો પુછવામાં આવે છે.આ પરીક્ષા માટે શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો આપે કોઈ પણ સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરેલ હોવી જોઈએ.આમ આપ આ પરીક્ષા યોગ્ય અને સારી મેહનત કરી ને ચોક્કસ પાસ કરી શકો છો.એ માટે આપ અત્યાર થી જ મેહનત ચાલુ કરી આ પરીક્ષા માટે તૈયાર થઈ શકો છો.જનરલ નોલેજ અને અંગ્રેજી સુધારવા માટે આપ અંગ્રેજી ન્યૂઝપેપરનું વાંચન કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. મેં મારૂ ગ્રેજ્યુએશન પૂરું કરેલ છે. સરકારી નોકરી ની તૈયારી કરાય કે વિદેશ જઇ ને જોબ કરું?વિદેશ માં જવા માટે શું કરવું જોઇએ?**



**- રોહિત પટેલ,ગાંધીનગર**

તમે તમારી કારકિર્દીને જે દિશામાં લઈ જવા માંગતા હોવ ત્યાં લઈ જઈ શકો છો. તમે જણાવેલ બંને વિકલ્પ ખૂબ સરસ છે. વિદેશમાં બહોળી તકો છે અને ભારતમાં તકોની કોઈ કમી નથી. વિદેશ જવા માટે સૌથી પેહલા તમારે કયા દેશમાં જવું છે તે નક્કી કરવું પડશે. તમે ૨-૩ દેશોને વિકલ્પ તરીકે પસંદ કરી શકો છો. તેના પછી કયો અભ્યાસ ક્રમ ત્યાં કરવો છે તે નક્કી કરો અને તદુપરાંત તેને લગતી પરીક્ષાઓ તમારે આપવી પડશે. સામાન્ય રીતે વિદેશમાં અભ્યાસ માટે આઈ. ઈ. એલ.ટી.એસ., ટી. ઑ. ઈ. એફ. એલ., એસ. એ. ટી., જી. આર. ઈ., જી. એમ. એ. ટી. જેવી પરીક્ષાઓ આપવી પડતી હોય છે. હવે તમારા બીજા વિકલ્પની, એટ્લે કે સરકારી નોકરીની, વાત કરીએ તો તેમાં પણ તમારી પાસે ઘણા વિકલ્પ છે. સૌથી પેહલા એ નક્કી કરો કે રાષ્ટ્રીય કક્ષાની નોકરી જોઈએ છે કે રાજ્ય કક્ષાની. રાજ્ય સરકાર દ્વારા લેવાતી પરીક્ષા અલગ પ્રકારની હોય છે કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી પરીક્ષાઓ કરતાં. જે પણ સ્તર તમે નક્કી કરો, તમારે તેને લગતી સ્પર્ધાત્મક પરીક્ષા જરૂર આપવી પડશે. ચોક્કસ પ્લાનિંગ સાથે મેહનત કરશો તો સફળતા જરૂર મળશે. સામાન્ય જ્ઞાન એટ્લે કે જી.કે.ની નિયમિત તૈયારી કરવાનું ભૂલતા નહીં. ઓલ ધી બેસ્ટ.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્જ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.
ઈમેલ:questions.careercorner@ mail.com
વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner